અપીલ અરજી નં.૨૮૬ તા.૩૦–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી આઈ.ડી.નં.૬૨૯ માં જણાવવામાં આવેલ છે કે જવલનશીલ પદાર્થ સંગ્રહ અને વપરાશ કરવા માટે સરકારશ્રીના જે તે વિભાગ તરફથી પરવાના મેળવેલ હોય તેવા અરજદારને BPMC એકટની કલમ ૩૭૬ જોગવાઈ અને અન્ય વિભાગની શરતોને આધિન પદાર્થ સંગ્રહ,વેચાણ વપરાશ માટે પરવાનો આપવામાં આવે છે તેવુ જણાવવામાં આવેલ તો પછી ઘ.નં.૪/૪૨૮,૨૯૪,૩૦૭,૩૫૨–B,૩૬૦,૩૭૩,૪૪૦ વાળી મિલ્કતના માલીક જરીગીલીટના ચાલતા એકમમાં વપરાતા જવલનશીલ પદાર્થ જેવા કે સેલો,લેકર,સ્પ્રીરીટ, એસીડ નો વપરાશ કરવા માટે સુ.મ.પા.એ જે લાયસન્સ આપ્યા છે તો આ તમામ મિલકતદારે સરકારશ્રીના કયા વિભાગ તરફથી જવલનશીલ પદાર્થ સંગ્રહ વપરાશના લાયસન્સ લેવામાં આવેલ છે કે નહીં અને જો સરકારશ્રીના વિભાગ તરફથી લાયસન્સ ન લેવામાં આવેલ હોય અને સુ.મ.પા.ના આરોગ્ય વિભાગ તરફથી લાયસન્સ આપતા પહેલા સરકારશ્રી ના વિભાગની લાયસન્સ કોપી માંગવામાં આવેલ છે કે નહિં અને જો સરકારશ્રીના વિભાગની પરવાનગી ન હોય તો લાયસન્સ કેન્સલ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે અને આ તમામ મિલકતદારે સુ.મ.પા.માં સરકારશ્રીના વિભાગ પાસે જે પરવાના લેવામાં આવેલ છે જેની નકલ સુ.મ.પા.માં રજુ કરેલ છે જેની કોપી ફાળવવી અને જો સરકારશ્રીના વિભાગની નકલ ન રજુ કરી લાયસન્સ લેવામાં આવેલ હોય તો તાકીદે લાયસન્સ રદ કરી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૮૬/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આ.૧૧૪૩ થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૫ તા.૭–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ /આ.નં.૧૨૭૫ તા.૧૮–૧૨–૦૯ થી નોંધ વિભાગ,અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીની મુળ નકલ, તા.૧–૯–૦૯ ની અરજીની મુળ નકલ, સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૪૩ તા.૨૫–૧૧–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, જાવક નં.પીએચડી/પીઆઈ/૧૯૭ તા.૩૦–૯–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, પરવાના ફી વસુલાતના પત્રકની નકલ, અત્રેના વિભાગને પૂરક વિગત મળેલ છે.

અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી આઈ.ડી.નં.૬૨૯ માં જણાવવામાં આવેલ છે કે જવલનશીલ પદાર્થ સંગ્રહ અને વપરાશ કરવા માટે સરકારશ્રીના જે તે વિભાગ તરફથી પરવાના મેળવેલ હોય તેવા અરજદારને BPMC એકટની કલમ ૩૭૬ ની જોગવાઈ અને અન્ય વિભાગની શરતોને આધિન પદાર્થ સંગ્રહ,વેચાણ વપરાશ માટે પરવાનો આપવામાં આવે છે તેવું જણાવવામાં આવેલ તો પછી ઘ.નં.૪/૪૨૮,૨૯૪,૩૦૭,૩૫૨–B,૩૬૦,૩૭૩,૪૪૦ વાળી મિલ્કતના માલીક જરીગીલીટના ચાલતા એકમમાં વપરાતા જવલનશીલ પદાર્થ જેવા કે સેલો,લેકર,સ્પ્રીરીટ, એસીડ નો વપરાશ કરવા માટે સુ.મ.પા.એ જે લાયસન્સ આપ્યા છે તો આ તમામ મિલકતદારે સરકારશ્રીના કયા વિભાગ તરફથી જવલનશીલ પદાર્થ સંગ્રહ વપરાશના લાયસન્સ લેવામાં આવેલ છે કે નહીં અને જો સરકારશ્રીનાવિભાગ તરફથી લાયસન્સ ન લેવામાં આવેલ હોય અને સુ.મ.પા.ના આરોગ્ય વિભાગ તરફથી લાયસન્સ આપતા પહેલા સરકારશ્રી ના વિભાગની લાયસન્સ કોપી માંગવામાં આવેલ છે કે નહિં અને જો સરકારશ્રીના વિભાગની પરવાનગી ન હોય તો લાયસન્સ કેન્સલ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે અને આ તમામ મિલકતદારે સુ.મ.પા.માં સરકારશ્રીના વિભાગ પાસે જે પરવાના લેવામાં આવેલ છે જેની નકલ સુ.મ.પા.માં રજુ કરેલ છે જેની કોપી ફાળવવી અને જો સરકારશ્રીના વિભાગની નકલ ન રજુ કરી લાયસન્સ લેવામાં આવેલ હોય તો તાકીદે લાયસન્સ રદ કરી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી એમ જણાવેલ. જયારે અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતીનો જવાબ તદ્દન ખોટો અને સંતોષકારક નથી એમ જણાવી મુદ્દા નં.૨. તા.૧–૯–૦૯ આઈ ડી. નં.૬૨૯ માં જણાવેલ કે સરકારશ્રીના જે તે વિભાગ તરફથી પરવાના મેળવેલ હોય તેવા અરજદારને બીપીએમસી એકટ–૩૭૬ ની જોગવાઈ મુજબ લાયસન્સ આપવામાં આવેલ છે તેવું જણાવેલ પરંતુ તા.૨૬–૧૦–૦૯ આઈ ડી. નં.૮૩૫ માં જણાવેલ છે કે માહિતી રેકર્ડ ઉપલબ્ધ નથી તો પછી તમામ મિલ્કતદારને જવલનશીલ પદાર્થ(કેમીકલ્સ) ના લાયસન્સ કયા આધારે આપ્યા અને હાલ આ મિલ્કતદાર પાસે સરકારશ્રીના વિભાગના લાયસન્સ ન હોવા છતાં જે જવલનશીલ પદાર્થ

(કેમીકલ્સ)ના સંગ્રહ/વપરાશના જે લાયસન્સ આપવામાં આવેલ છે જે કેન્સલ કરવાની જવાબદારી સુમપાની આવે છે તેમ છતાં આ બાબતની કોઈ જાણકારી મળેલ નથી. મુદ્દા નં.૩. જે માહિતી આપવામાં આવેલ છે તેના પરથી જણાય છે કે સરકારશ્રીના વિભાગ તરફથી પરવાના ન મેળવેલ હોય તેમ છતાં સુમપા તરફથી  જવલનશીલ પદાર્થ(કેમીકલ્સ) ના લાયસન્સ આપવામાં આવેલ છે તે સાબિત થાય છે. મુદ્દા નં.૪. જે માહિતી માંગેલ તે મુજબ સરકારશ્રીના જે તે વિભાગના પરવાનાની નકલ પણ ફાળવેલ નથી શા માટે? મુદ્દા નં.૫. તમામ મિલ્કતદારે સરકારશ્રીના જે તે વિભાગ પાસે લાયસન્સ કે પરવાના મેળવેલ નથી એટલે લાયસન્સ પરવાનાની નકલ સુમપા પાસે નથી અને ખોટી રીતે જવલનશીલ પદાર્થ(કેમીકલ્સ) ના લાયસન્સ આપેલ છે તે ચોખ્ખું દેખાય છે એટલે લાયસન્સ કેન્સલ કરવાની જવાબદારી સુમપાની જ આવે છે. મુદ્દા નં.૬. ભારત સરકાર અથવા ગુજરાત સરકાર કોઈ પણ પ્રકારનો આદેશ જારી કરે એની સાથે દરેક લાગતા વળગતાં વિભાગમાં પરિપત્રની નકલ મોકલાવે જ અને આ પરિપત્રના આધારે જ કામ થતું હોય છે. આપશ્રીના વિભાગ પાસે કોપી નથી મતલબ કે સરકારશ્રીના પરિપત્ર વગર ખોટી રીતે જવલનશીલ પદાર્થ(કેમીકલ્સ)  ના લાયસન્સ આપ્યા છે. સરકારશ્રીના પરિપત્રની નકલ પણ ફાળવેલ નથી શા માટે? એમ જણાવી અપીલ કરેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ  માહિતી અને માહિતી  અધિકાર ની વ્યાખ્યા અન્વયે  જાહેર સત્તામંડળ પાસેની  અથવા  નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી  આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ  માહિતી અને માહિતી  અધિકાર ની વ્યાખ્યા અન્વયે  જાહેર સત્તામંડળ પાસેની  અથવા  નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની થાય. સુરત મહાનગરપાલિકાએ જવલનશીલ પદાર્થના જે લાયસન્સ આપ્યા છે તેની અરજીઓ તથા રેકર્ડ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન  દિન–૭ માં બાબત હેઠળની  સબંધિત દફતરનું  ઈન્સ્પેકશન  કરી શકે  છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે  ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ મુદ્દા તથા તકરાર નિવારણ અને કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબત અંગે અરજદાર  સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન  ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ